# કાવ્યકુસુમો

○પન્ના નાયક ○

## તોય

કુંવારકા હતી
ત્યારે
માની આજ્ઞા માથે ચડાવી
મેંદીરંગ્યા હાથે
ગૌરીવ્રત કરેલું
અને
આંગણાના તરસ્યા તુલસીછોડને
રોજ પાણી સીંચી,
એની પ્રદક્ષીણા ફરી,
પગે લાગી
ઈપ્સીત વર માગેલો...
તોય
બેડરુમમાં આગ કેમ લાગી?

+++++

બે પગમાંથી
કયો પગ
ઉકળતા પાણીમાં મુકવો
અને કયો
બરફના ચોસલામાં
એનો
સ્વતંત્ર નીર્ણય લેવા
અપાયેલો અધીકાર
એટલે
સ્ત્રી-સ્વાતંત્ર્ય.

+++++++++++++++

અંગત મૃત્યુ-
થતી એની જાહેર
સ્મશાનયાત્રા.

+++++

કુંડે સુકાતી
તુલસી, શોધ્યા કરે
બાનાં પગલાં.

+++++

## મંજુર નથી

કોઈની બુદ્ધીના પાંજરામાં લાગણીનું પંખી થઈ,
ટહુક્યા કરવાનું મને મંજુર નથી;
કોઈ પ્રેમને નામે મને ડંખ્યા કરે,
અને ઈચ્છા મુજબ મને ઝંખ્યા કરે;
જે બોલે તે બોલવાનું ને નાગ જેમ ડલવાનું,
મને આવું અઢેલવાનું મંજુર નથી.
પોતાની આંખ હોય પોતાની પાંખ હોય,
પોતાનું આભ હોય પોતાનું ગીત હોય,
મનની માલીક હું મારે તે બીક શી?
હું તો મૌલીક છું,
હામાં હા કહીને ને ઠીક ઠીક રહીને,
મને ઠીક ઠીક રહેવાનું મંજુર નથી.
માપસર બોલવાનું, માપસર ચાલવાનું,
માપસર પહેરવાનું, માપસર પોઢવાનું,
માપસર ઓઢવાનું,
માપસર હળવાનું, માપસર ભળવાનું,
આવું હળવાનું, ભળવાનું, માપસર ઓગળવાનું
મને આવું પીગળવાનું મંજુર નથી.
કોઈની બુદ્ધીના પાંજરામાં લાગણીનું પંખી થઈ,
ટહુક્યા કરવાનું મને મંજુર નથી.

+++++++++++++++

આગને ઠારે
જળ, કોણ ઠારતું
જળની આગ?

+++++

ઉપડે ટ્રેન-
ફરફરી ના શકે
ભીનો રુમાલ.

+++++

સપને મળો
તો નહીં વગોવાય
પ્રેમ આપણો.

+++++

## કોણ કહે છે?

મેં વર્ષોથી ભારત છોડી દીધું છે.
ન્યુયોર્કના
શીતલ ઍરપોર્ટ પર
પરદેશી પોષાકમાં
કોઈનું ધ્યાન ન દોરી શકતી હું
મસાલાને બદલે
લીંબુના રસવાળી ચાની મઝા
માણી શકું છું.
મારા પાસપોર્ટના ભારતીય ચહેરા પર
અમેરીકન આંગળાંઓ
અને અમેરીકન સીક્કાઓની છાપ
ક્યારની પડી ચુકી છે.
તું હવે આવવો જ જોઈએ-ના
ખ્યાલમાં
‘ન્યુયૉર્ક ટાઈમ્સ’ ઉથલાવું છું
ટેવ મુજબ
નજર ખોડાઈ જાય છે
ભારતીય સમાચારને પાને...
આંખો અહેવાલ વાંચે છે ત્યારે
મન
મુગ્ધા બનીને
અંધેરીના પરીચીત ઘરમાં વીહરી આવે છે.
અને પછી
અમેરીકાના
અને બીજા આંતરરાષ્ટ્રીય સમાચારમાંય જાણે
શોધું છું કેવળ ભારતને...
કોણ કહે છે
મેં વર્ષોથી ભારત છોડી દીધું છે?
+ + + + + + + + + +

## હવે

લ્યો,
વરસાદે
હમણાં જ
રસ્તાઓ ધોઈને ચોખ્ખા કર્યા
ચાંદનીનાં ચરણ હવે મેલાં નહીં થાય...!
+ + + + + + + + + +

## કુર્માવતાર

અહીં અમેરીકામાં
નીવૃત્ત થયેલી
વૃદ્ધ થતી જતી વ્યક્તીઓની આંખમાં
એક જ પ્રશ્ન ડોકાયા કરે છે :
--હવે શું?
ભારત જઈ શકાય એમ નથી
અમેરીકા રહી શકાય એમ નથી
સંતાનો તો ઉડીને સ્થીર થઈ ગયાં
પોતપોતાના માળામાં.
અમે બધાં
સીટી વીનાના
સીનીયર સીટીઝન.
અમે છાપાં વાંચીએ
--પણ કેટલાં?
અમે ટેલીવીઝન જોઈએ
--પણ કેટલું? ક્યાં લગી?
સ્થીર થઈ ગયેલો સમય
અસ્થીર કરી મુકે છે અમને
--અમારા મનને.
સસલાં અને ખીસકોલીની જેમ
દોડતો સમય
અચાનક કાચબો થઈ જાય
ત્યારે...
એ અવતારને શું કહેવાય?
+ + + + + + + + + +

## બધી વાત

મારી કવીતામાં
પન્નાને શોધતા
હે વાચકો!
ઘુઘવાટા કરતાં એનાં કાવ્યોમાં
તો મળશે
છુટાંછવાયાં મોજાં જેવી
માત્ર
ટાંચણપોથી.
જીવનની બધી વાત
કવીતા
નથી કહી શકતી. + + + + +

## શોધું છું..

હું
નાની હતી ત્યારે
મારાં બા
મારા વાળ ઓળતાં.
હાથમાં અરીસો આપીને
એમની આગળ પલાંઠી વળાવીને બેસાડતાં.
છુટ્ટા વાળમાં
એ ઘસી ઘસીને
ઘરે બનાવેલું બ્રાહ્મીનું તેલ નાંખતાં.
કાંસકાથી ગુંચ કાઢી
વીરાટ વનની પગથી જેવી
સેંથી પાડતાં
....ને....પછી
લાંબા ભમ્મરીયા કાળા વાળને
બે લટોમાં ગુંથી લઈ
રંગીન રીબન.....કે
ચાંદીનાં ઘુઘરીયાળાં ફુમતાંથી શોભાવતાં.
વાળ ઓળાઈ જાય...એટલે
મને એમની સામે બેસાડતાં
ને તપાસતાં
કે વાળ બરાબર ઓળાયા છે કે નહીં!
મને પુછતાં : 'ગમ્યાં ને?'
હું મરક મરક હસતી.
કેટલીય વાર
વહાલના આવેશમાં આવી જઈ
સરસ ઓળેલા વાળમાં
એમનો હાથ ફેરવી ફેરવી
એને અસ્તવ્યસ્ત કરી દેતાં.
હું
થોડો ખોટો
થોડો સાચો
ગુસ્સો કરતી.
આજે......મારા વાળ સાવ ટુંકા છે,
તેલ વીનાના સુક્કા, બરછટ છે;
ઓળ્યા વીનાના અસ્તવ્યસ્ત ઉડે છે.
નપુંસક ગુસ્સાથી પીડાતી હું...
શોધું છું....બા....બાનો હાથ....બા....

## પાગલ થઈ ગઈ..

હું તો તારી તે પ્રીતમાં પાગલ થઈ ગઈ,
એવી પાગલ થઈ ગઈ,
હું તો ધરતીની ધુળ જાણે વાદળ થઈ ગઈ,
હું તો તારી તે પ્રીતમાં પાગલ થઈ ગઈ.
હું તો કંઈ પણ નથી ને મને ફુલ ફુટ્યાં,
હું તો બ્હાવરી : મેં કંઈ તારાં ગીત ઘુંટ્યાં;
તારી સાથેની મારી પળપળની વાત,
મારી કોરી આંખોનું કાજળ થઈ ગઈ;
હું તો તારી તે પ્રીતમાં પાગલ થઈ ગઈ.
હું તો આંખો મીંચીને ગીત સાંભળ્યા કરું,
મારી છાની આ લાગણી પંપાળ્યા કરું,;
કેવાં આ લાભશુભ : ઓચીંતા એક દીવસ,
હું તો કંકોતરીનો કાગળ થઈગઈઃ
હું તો તારી તે પ્રીતમાં પાગલ થઈ ગઈ.

++++++++++

## એક સવાલ પુછું?

મનુષ્ય એકાકી ન હોય તો--
એવું બને ખરું
કે
પતંગીયાં વધારે રંગીન લાગે
ઘાસ વધારે લીલું લાગે
ને
વરસાદ વધારે ભીનો લાગે, વહાલો લાગે?

++++++++++

## શું કહેવાય?

સવારને સવાર કહેવાય
ફુલને ફુલ કહેવાય
પણ
તારી હાજરીમાં
ચૈતરની ચાંદની રાતની
આહ્લાદક અનુભુતી જેવું
મને જે મળે છે
એને શું કહેવાય?

++++++++++

# પન્ના નાયક



## કવયીત્રી-પરીચય


કાવ્યનું બીજું નામ એટલે પન્ના નાયક. પન્ના નાયક એટલે કુદરતમાં તરતી, વીહરતી, સરી જતી કવીતા. એમનાં તો અછાંદસ કાવ્યો પણ લયથી સજેલાં હોય. એ વીષયોના ખજાના પર બેઠાં છે. એમણે જીવનની એકલતામાંથી નીજાનંદ પેદા કર્યો અને સૌને ભીંજવી ભાગીદાર બનાવ્યા. વતન તો સૌને યાદ આવે પણ પન્ના નાયક તમને વતનની ઋતુઓ, વતનનાં પુષ્પો, વતનનો તડકો યાદ કરાવે તો વતનનો ઝુરાપો તમનેયે રુંએ રુંએ ફુટી નીકળે. વતનની ધુળમાં પાડેલી પગલીઓ પણ હજી એમને વતનનો સાદ દે છે.પન્નાબહેનનાં 'બા' વીષેનાં કાવ્યો પણ આંખમાં આંસુ લાવવા સમર્થ છે. ફિલાડેલ્ફિયાનું ગૌરવ એટલે પન્ના નાયક.

મુંબઈમાં જન્મેલાં અને ભણેલાં પન્નાબહેને મુંબઈ અને ફીલાડેલ્ફીયાથી એમ.એ. કર્યું અને ૧૯૬૦થી અમેરીકા વસી, યુનીવર્સીટી ઓફ પેન્સીલવેનીયામાં લાઈબ્રેરીયન અને પ્રાધ્યાપીકા તરીકે કામ કર્યું. દસેક કાવ્ય સંગ્રહો અને 'ફ્લેમીન્ગો' વાર્તાસંગ્રહ ઉપરાંત ભાષાંતરનું યશદાયી કામ એમણે કર્યું છે. **'અબ તો બાત ફૈલ ગઈ…પન્ના-વીશેષ'**(પ્રકાશકઃ ઈમેજ પબ્લીકેશન્સ, સરનામું : info@imagepublications.com)ના સંપાદક સુરેશ દલાલ પુસ્તકની પ્રસ્તાવનામાં લખે છે : *'સામાન્ય રીતે ભારતીય નારીને આ લખાય અને આ નહીં લખાય એવું વલણ કે વળગણ હોય છે; પણ પન્નાની વીશીષ્ટતા એ છે કે એ કોઈ પણ છોછ કે સંકોચ વીના જે કંઈ લખે છે તે પુરેપુરી નીખાલસતાથી અને પારદર્શકતાથી લખે છે.'* --હરનીશ જાની અને ઉત્તમ ગજ્જર

પન્નાબહેનનો સંપર્ક : **Panna Naik,** 9034-Lykens Lane, **Philadelphia**, PA-19128-**USA -eMail:** **naik19104@yahoo.com**

## ● મધુરેણ સમાપયેત્ ●

બહુ જ ખુશીની વાત છે કે અમેરીકાના પ્રસીદ્ધ કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્ર શાહ દરેક **'સન્ડે ઈ-મહેફીલ '** માટે એક કાર્ટુન મોકલશે. આભાર મહેન્દ્રભાઈ. પધારો, મહેફીલમાં આપનું સ્વાગત છે. માણીએ એમનું કવીતાર્ટુન **'હુરટી કવીટાર્ટુન'** ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com




'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : બે -- અંક : ૬૮ -- સપ્ટેમ્બર ૨૪, ૨૦૦૬

તળગુજરાતથી દુર, દરીયાપાર વસવા છતાં ગુજરાતી સાહીત્યની સાધના કરતા સર્જકોની કૃતીઓની સન્ડે ઈ-મહેફીલ 'વીદેશ-સર્જનોત્સવ' ઉજવવાનું નક્કી થયું અને સ્નેહી શ્રી. હરનીશભાઈ જાનીએ એના સંપાદનની સઘળી જવાબદારી સહર્ષ સ્વીકારી એનાથી વધારે રુડું શું? સૌ સાહીત્યસર્જકોનો અને ભાઈ હરનીશ જાનીનો ખુબ ખુબ આભાર..

'ઉંઝાજોડણી' અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર : **uttamgajjar@hotmail.com**

**Harnish Jani** 4, Pleasant Drive, **Yardville,** NJ 08620-**USA**
**Phone**-**609-585-0861 : email : harnish5@yahoo.co**